# Kids કોર્નર

**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



## ચોરીની સજા

વારતા રે વારતા

ગોદાવરી નદીના કિનારા પર એક મગર રહેતો હતો. એનું નામ હતું સુબુદ્ધિ. તે ઘણો જ નેક અને મહેનતુ હતો. તે મગરમચ્છ રાજાનો સેવક હતો. એના કામથી રાજા ઘણો જ પ્રસન્ન હતો. એની કાળજી અને સરળ સ્વભાવ હોવાથી ઘણો ખુશ રહેતો હતો.એટલે સમય સમય પર કંઈકને કંઈક ઈનામ ભેટ આપતો હતો.

એક વખતની વાત છે.સુબુદ્ધિનો નાનો દીકરો માંદો પડયો. તે આમ તો મસ્તીખોર હતો. તે પિતાની નજર ચૂકવીને ઘરની બહાર નીકળી જતો હતો.પછી બપોર સુધી દોસ્તો સાથે ધમાલ મચાવ્યા કરતો હતો. એટલે તેનો તાવ પણ વધી ગયો હતો. નીતુ શિયાળ એની દવા કરતી હતી. એણે ખોરાક લેવાની મનાઈ કરી હતી. તેને ફક્ત દૂધ, ફળ અને ચા જ મળતાં હતાં. સુબુદ્ધિ ગરીબ હતો, રોજરોજ ફળ ખરીદી શકે એમ ન હતું.રાજા તરફથી એના બાળક માટે કંઈકને કંઈક ફળ આવતાં હતાં.

એક દિવસ સુબુદ્ધિને સફરજન ન આપ્યાં. લાલ લાલ સફરજન એટલાં સુંદર હતાં કે દેખતાં જ મોમાં પાણી આવી જાય. તેને ટોપલીમાં ભરીને સુબુધ્ધિ ઘર તરફ ગયો. ચાલતાં ચાલતાં રસ્તામાં તેને તરસ લાગી. કિનારાના જંગલની ઝાડીમાં કાલી નામની બિલાડી છુપાઈને બેઠી હતી. ટોપલી કિનારા પર મૂકીને સુબુદ્ધિ નમીને પાણી પીતો હતો. બિલાડીને ટોપલીમાંનાં લાલ લાલ સફરજન જોઈને મોમાં પાણી આવ્યું. મગરે પાણી પીને માથું ઊંચું કરીને જોયું. તે પહેલાં તો કાલીએ ઝડપ મારીને ટોપલી ઉપાડી લીધી અને ઝડપથી દોડીને ઝાડ પર ચઢી ગઈ.

પાણી પીને મગર કિનારે બેસીને થાક ખાવા લાગ્યો.ત્યારે એને ભાન આવ્યું કે ઘેર બાળક ભૂખ્યો છે.તે ચાલવા તૈયાર થયો પણ આ શું ? એના ફળની ટોપલી ઊડી ગઈ હતી. સુબુદ્ધિએ ચારે બાજુ આંખ ફેરવીને જોયું પણ કંઈ દેખાયું નહીં. કિનારે શોધતો તે થાકી ગયો.તે વિચારતો હતો કે તે માંદા બાળકને શું ખવડાવશે.

એટલામાં એની નજર ઝાડ પર બેઠેલી કાલી બિલાડી પર પડી. તે મોટા મોટા કોળિયે સફરજન ખાઈરહી હતી. સુબુદ્ધિ બોલી ઉઠયો,‘“ અરે માસી, આ શું ? મારી ટોપલી લઈને તું ઝાડ પર બેઠી છે. હું કયારનોય એને શોધું છું.’

પોતાની પીળી આંખો કાઢીને કાલી બોલી,‘‘ચાલ ચાલ, દૂર જા તારી ટોપલી અહીં કયાંથી આવી. એ તો મને રસ્તા પરથી મળી છે.’’

મગર ઘણીવાર સુધી કાલીને મનાવતો રહ્યો, પોતાના ભૂખ્યા બાળકના સોગંદ ખાઈને કહ્યું છતાં કાલીનું હૃદય જરાપણ પીગળ્યું નહીં. તે મગરને ચીડાવતી ખાવા લાગી.

મગર આખા દિવસનો થાક્યો- પાક્યો હોવાથી ચાલતાં- ચાલતાં પગ પણ મરડાઈ જતા હતા. એણે વિચાર્યું કે આજે એને છોડી દેવાથી તો કાલી વધુ ક્રૂર બનશે એટલે તે ન્યાય મેળવવા માટે વનરાજ સિંહ પાસે ગયો.

સિંહે મગરની બધી વાતો ધ્યાનથી સાંભળી. તરત જ અંગરક્ષિકા શિયાળને દોડાવી અને કાલીને બોલાવી. ન્યાય માટે દરબાર ભરાયો. એક તરફ કાલી અક્કડ બનીને મૂછોને વળ દઈને બેઠી, સિંહની બીજી બાજુ રડતાં રડતાં મગર બેઠો.

તેં સુબુદ્ધિની ટોપલી ઉઠાવી છે ?’’ સિંહે કહ્યું. મહારાજ એ તો રસ્તા વચ્ચે પડી હતી, મેં ત્યાંથી એને ઉપાડી હતી.’’ કાલી બોલી. પણ કાલી, રસ્તામાં પડેલી વસ્તુ તારી કેવી રીતે થઈ ગઈ ?’’ વનરાજે ગર્જના કરી. આગળ વધતાં કહ્યું, ‘‘તને રસ્તામાં મળેલું કંઈક મળ્યું તો એને મારી પાસે જમા કરાવવું હતું. બીજાની ચીજને પોતાની કહેતાં શરમ નથી આવતી ? બીજાની નજર ચુકાવીને ચીજ ઉપાડવી એ ચોરી છે. તે ચોરી કરી છે માટે તેની સજા તારે ભોગવવી પડશે. વનરાજે તાળી પાડી. પછી સિંહ મગરને કહેવા લાગ્યો, ‘‘કાલીની ઉદ્ધતાઈ અને બીજાને હેરાન કરવાની વાત મેં ઘણા સમયથી સાંભળી હતી. પણ કોઈએ અહીં આવીને ફરિયાદ કરી નહોતી. અપરાધીને સજા કરવી જરૂરી છે. જેથી તે ખરાબ કામ કરતાં અટકી જાય છે, તારા કામથી હું ખુશ છું.’’ સિંહે ફરીથી ઘણાં સારાં ફળ આપીને વિદાય કર્યો. રાત પડી ગઈ હતી. મગર પ્રસન્ન હતો. તે ઝડપભેર પોતાને ઘેર પહોંચ્યો.

## વિમાનમાં દરેક મુસાફર માટે કેમ નથી હોતા પેરાશૂટ?

અજબ ગજબ

12 જૂનના રોજ અમદાવાદમાં 242 મુસાફરોને લઈને જતું એર ઇન્ડિયાનું વિમાન ક્રેશ થયું હતું. હાલ સુધીમાં 150થી વધુ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. આ વિમાન લંડન જઈ રહ્યું હતું. આટલી મોટી દુર્ઘટનાએ બધાને ચોંકાવી દીધા છે. આવા અકસ્માતો જોઈને લોકોના મનમાં એક વિચાર આવ્યો હશે કે, મુસાફરો વિમાનમાં દરેક મુસાફર માટે પેરાશૂટ કેમ નથી રાખતા, જેના ઉપયોગથી તેઓ ક્રેશ થતા વિમાનમાંથી કૂદીને પોતાનો જીવ બચાવી શકે? ભાગ્યે જ કોઈએ આનું કારણ જણાવ્યું હશે.

પેરાશૂટ ફાઇટર જેટ અને લશ્કરી વિમાનોમાં હોય છે જેથી ગંભીર કટોકટીની સ્થિતિમાં લોકો વિમાનમાંથી કૂદી શકે અને પોતાનો જીવ બચાવી શકે, પરંતુ જ્યારે લાખો લોકો દરરોજ વિશ્વભરમાં કોમર્શિયલ ફ્લાઇટ્સ દ્વારા મુસાફરી કરે છે, ત્યારે સવાલ એ ઊભો થાય છે કે શું સામાન્ય હવાઈ મુસાફરો માટે પણ પેરાશૂટ હોવા જોઈએ? એક્શન ફિલ્મો ઘણીવાર બતાવે છે કે કોઈપણ વ્યક્તિ કોઈપણ તૈયારી વિના પેરાશૂટ પહેરીને વિમાનમાંથી સરળતાથી કૂદી શકે છે, પરંતુ વાસ્તવિક જીવનમાં તે એટલું સરળ નથી. સાયન્સ એબીસી વેબસાઇટ અનુસાર, પેરાશૂટ સાથે કૂદકો મારવા માટે ખાસ તાલીમ અને પ્રેક્ટિસની જરૂર પડે છે. ટેન્ડમ સ્કાયડાઇવિંગ માટે પણ, જ્યાં મુસાફર પ્રશિક્ષિત નિષ્ણાત સાથે જોડાયેલો હોય છે, તેને ઓછામાં ઓછા અડધા કલાકની તાલીમની જરૂર પડે છે. સ્કાયડાઇવિંગ સામાન્ય રીતે 10,000 થી 15,000 ફૂટની ઊંચાઈએ કરવામાં આવે છે અને તે પણ આયોજિત પરિસ્થિતિઓમાં. તેનાથી વિપરીત, વાણિજ્યિક વિમાનોની ઉડાન ઊંચાઈ લગભગ 35,000 ફૂટ હોય છે, જ્યાં ઓક્સિજન નથી અને વાતાવરણ અત્યંત ઠંડુ હોય છે. આવી સ્થિતિમાં, ઓક્સિજન સિલિન્ડર વિના, કોઈપણ વ્યક્તિ થોડીક સેકન્ડમાં બેભાન થઈ શકે છે. જો વિમાનમાં અચાનક કટોકટી આવે અને મુસાફરોને પેરાશૂટ પહેરીને કૂદકો મારવો પડે, તો તે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ હશે. મુસાફરો ન તો તાલીમ પામેલા હોય છે અને ન તો તેઓ તેના માટે માનસિક રીતે તૈયાર હોય છે. તે ગભરાટ અને અંધાધૂંધીમાં, પેરાશૂટ પહેરવું, ઓક્સિજન માસ્ક પહેરવું અને યોગ્ય રીતે કૂદવાનું લગભગ અશક્ય બની જાય છે.



## હેપ્પી બર્થડે



નામ : ખુશી પટેલ
માતા : રશ્મિ પટેલ

## રસ્તો શોધો




## તફાવત શોધો





## ટપકાં જોડો



## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME (Q1)

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 4 | | 3 | | 2 | | 1 | = | 10 |
| 2) | 4 | | 3 | | 2 | | 1 | = | 2 |
| 3) | 4 | | 3 | | 2 | | 1 | = | 7 |

### CHANGE THE WORD (Q2)

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| T | E | N |
| | | |
| | | |
| P | U | T |

### CHHOTA SUDOKU (Q3)

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | 2 | |
| | 3 | |
| | 4 | |

(વર્તુળો: 13, 22, 20, 20)

### BROKEN WORDS (Q4)

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને કોફીને સંબંધિત 7 શબ્દો બનાવો....

| | | | |
|---|---|---|---|
| PS | ST | NEY | LD |
| ED | PO | NG | UR |
| UND | RO | SI | IC |
| HO | MI | PO | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 4 |
| 5 અક્ષર | 2 |
| 6 અક્ષર | 1 |

જવાબ
1. ICED
2. MILD
3. POUR
4. SIPS
5. HONEY
6. POUND
7. STRONG

### જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 4 | + | 3 | + | 2 | + | 1 | = | 10 |
| 2) | 4 | - | 3 | + | 2 | - | 1 | = | 2 |
| 3) | 4 | × | 3 | ÷ | 2 | + | 1 | = | 7 |

Q2

| | | |
|---|---|---|
| T | E | N |
| P | E | N |
| P | E | T |
| P | U | T |

Q3

| | | |
|---|---|---|
| 1 | 2 | 9 |
| 7 | 3 | 8 |
| 6 | 4 | 5 |

(વર્તુળો: 13, 22, 20, 20)

## શબ્દો પૂરો

